## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*છૂટી છે છૂટછાટો ચૂંટણીઓ આવતી લાગે છે,*
*પ્રચારની પૂરજોશ તૈયારી ચાલતી લાગે છે,*
*ફાલતી લાગે છે સંખ્યા ડાઘુઓ - જાનૈયાઓની -*
*ને મૂષકોમાં મોદકની સુગંધ ફેલાતી જાગે છે.*

### હાઈકુ

*થઈ છે શરૂ*
*ત્રીજીની તૈયારીઓ*
*તબીબો ખૂશ!*

*ટહૂકા કર્યા*
*ને બેસી ગ્યો અવાજ*
*થાકી ગ્યા મોર*
*(પાટનગર કોરાં!)*

### ચિંતન

**ન કામાસક્તસ્ય કાર્યનુષ્કામ્ ।**

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**કામાસક્ત વ્યક્તિ કોઈ કાર્ય કરી શકતી નથી.**

**કામના ચિંતનમાં જ રહેવાવાળી વ્યક્તિ કોઈ કાર્ય ને પૂરી મહેનત અને પ્રામાણિક રીતે કરી શકતી નથી. તેથી આવી વ્યક્તિઓને કોઈ મહત્ત્વનું કાર્ય સોંપવું નહીં. ધર્મ, અર્થ કામ તથા મોક્ષને જીવનમાં ચાર અહમ તત્ત્વ ગણવામાં આવે છે. તેમાં કામની પોતાની એક વિશેષ ભૂમિકા, એનો કોઈ વિરોધ કરી શકતો નથી. પણ આજકાલ જે સ્થિતિ બજાવવાદી તાકાત દ્વારા બનાવી દીધી છે, તેમાં દરેક રીતે કામની પ્રધાનતા બતાવવામાં આવી છે. સફળતા પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખવા વાળાઓને આનાથી સાવધાન રહેવું જોઈએ. વ્યક્તિની સહજ પ્રવૃત્તિ એવી છે કે તે સમય ક-સમયે કામાતુર થઈ જાય છે. પરંતુ સાચી રીતે તો સફળ તે થાય છે, જે એ ભાવના ઉપર કાબુ રાખી શકે. અહીં ઉત્તમ ઉપાય એ છે કે આપણા લક્ષ્યને ઊંચું રાખો, જ્યારે આપણું લક્ષ્ય ઊંચું હશે તો તમારા વિચારોનું સ્તર પણ ઊચું હશે, ફરી એ કારણે તમારા વિચાર બનશે અને તે કારણે તમારું કર્મ થશે.**

### સુવિચાર

- જવાબ થોડો મોડો આપવો પણ ફરી સવાલ ન ઉઠે એવો આપવો - **રોહિત શાહ**
- સૌથી લાંબી છતાં સૌથી સચોટ પ્રાર્થનાનું નામ છે 'ધીરજ' - **ઈશિતા**
- જેને ચાહો એને ગુમાવવા કરતાં આપણો આગ્રહ,
  ઈગો કે અપેક્ષા બદલવાથી વધુ શાંતિ અને સુખ મળે છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- આજે કબાટમાં સ્વર્ગસ્થ પિતાનું રફૂ કરેલું ખમીજ જોયું,
  ત્યારે સમજાયું કે મારા શરીર પર આજે બ્રાન્ડેડ કપડાં કેમ છે? - **અખંડ આનંદ**
- લખાણના વખાણ થાય ત્યારે સમજાયું કે શબ્દો આંખ થકી દિલ સુધી પહોંચ્યા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આ વિશ્વ એક પાઠશાળા છે, અને અહીં શીખવાતા પાઠ કોઈ પાઠ્યપુસ્તકમાં નથી - **સંત રોબિન**
- આજનું ઔષધ : ઘોડાવજનું ચૂર્ણ સુંઘવાથી હિસ્ટીરીયાનું દરદ નરમ પડે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રામ અને રાવણ વચ્ચેના સદ્ભાવનાની વાત. રામે લંકા પહોંચવા માટે સેતૂ તૈયાર કર્યો. એ પુલનું વાસ્તુ કરવા માટે પુરોહિતની જરૂર હતી. રાવણના ત્રાસને કારણે આજુબાજુ કોઈ ઋષિમુનિઓ એ વિસ્તારમાં મળતા ન હતા. વાસ્તુવિધિ કર્યા વિના સેતુ પણ પ્રવેશ કરાય કેમ ?

લંકાના રાજા રાવણને ખબર પહોંચી કે રાજા રામ ને સેતુની વાસ્તુવિધિ કરાવવા માટે કોઈ બ્રાહ્મણ મળતો નથી. પોતાના વિરોધી શ્રીરામની મુશ્કેલી કળી ગયો. રાવણનું બ્રાહ્મણ લોહી જાગી ઊઠ્યું. એણે શ્રીરામને સંદેશો મોકલવ્યો કે 'કોઈ પણ મંગલ કાર્ય માટે બ્રાહ્મણ ન મળે તો હું મારા બ્રાહ્મણતત્ત્વને કલંક સમાન ગણું છું, તમને વાંધો ન હોય તો હું પુરોહિત તરીકે ધર્મક્રિયા કરાવું.' ભગવાન રામે રાવણની વાત મંજૂર કરી. રાવણ આવ્યો. શાસ્ત્રોક્ત વિધિ કરી સેતુનું વાસ્તુ પૂજન કરાવ્યું.


વિધિ એવી હતી કે ધર્મક્રિયા પૂર્ણ થયા બાદ પુરોહિત સફળતા વરે તેવા આશીર્વચન ઉચ્ચારે. વાસ્તુવિધિ પૂર્ણ કરી શ્રીરામ પુરોહિત રાવણ ના પગે લાગ્યા. રાવણે તેમને આશીર્વાદ આપતા કહ્યું, 'હે યમરાજ, તમારું કાર્ય સિદ્ધ થાઓ, એમાં તમને યશ અને કિર્તી મળો.'

# પાકની નાપાક હરકતોને ચીનનું ખુલ્લું સમર્થન

**તંત્રીસ્થાનેથી...**

બદલાયેલાં રાજકીય સમીકરણોમાં હવે એક નક્કર હકીકત એ છે કે ભારત કયારેય એના અખંડ સ્વરુપમાંથી અલગ થયેલા પ્રદેશ સાથે સૌહાદપૂર્ણ સંબંધો કેળવી શકે એમ નથી. હિંદુસ્તાનમાંથી અલગ ઈસ્લામિક રાષ્ટ્ર બનાવવાના મહત્ત્વકાંક્ષી નિર્ણય પછી એક સમયના પ્રખર રાષ્ટ્રીય નેતા અને મૂળે કાઠિયાવાડી ખોજા પરિવારના ફરજંદ એવા મોહંમદ અલી ઝીણાને ગાંધીજીએ દેશના વડાપ્રધાન પદ સુધીની ઓફર કરી હતી પણ તેઓ માન્યા નહોતા. ઐતિહાસિક ખૂનખરાબા વચ્ચે દેશનું વિભાજન થયેલું જોઈ અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીને જીવનમાંથી રસ ઊડી ગયો હતો અને ઈશ્વર મને ઉપાડી લે તો સારું એવી આરજૂ ગુજારવા લાગ્યા હતા. ગાંધીજીને હાંસિયે ધકેલી દઈ તત્કાલીન કોંગ્રેસી અગ્રણીઓ પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, મૌલાના આઝાદ અને ચક્રવર્તી રાજાગોપાલાચારીએ ભારતમાં લોકશાહી શાસન સુનિશ્ચિત કરવા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આઝાદી પ્રાપ્ત થઈ હતી પણ એ ખંડિત અને રકતરંજિત આઝાદી હતી અને આઝાદીની ચળવળના મુખ્ય સૂત્રધાર ગાંધીજીને અપેક્ષિત હતી એવી આઝાદી નહોતી. ચતુર અંગ્રેજ-તત્કાલીન ગર્વનર જનરલ માઉન્ટ બેટને જે ફોર્મ્યુલા રજૂ કરી એ મુજબ દેશી રાજયોને ભારત કે પાકિસ્તાન - બે પૈકી જેની સાથે જોડાવું હોય એની ખુલ્લી છૂટ અપાતાં હૈદરાબાદના નિઝામ અને જૂનાગઢના નવાબથી લઈ જોધપુરના મહારાજા સુધ્ધાં અવઢવમાં હતા. સરદાર પટેલની કુનેહથી એ બધાને સમજાવી-પટાવીને કે ધમકાવીને ભારત સાથે જોડાવા સહમત કરાયા હતા. જૂનાગઢના નવાબ રાત લઈને પાકિસ્તાન ભેગા થઈ ગયા હતા. જમ્મુ અને કાશ્મીરના મહારાજા હરિસિંહજીએ બહુ મોડો નિર્ણય કર્યો અને એમણે ભારત સાથેના જોડાણ કરાર પર દસ્તખત કર્યા ત્યાં સુધીમાં કબાઈસીઓના સ્વાંગમાં પાકિસ્તાની સેનાએ અત્યારે જેને આપણે 'પાક ઓક્યુપાઈડ કાશ્મીર' 'પીઓકે' તરીકે ઓળખીએ છીએ અને પાકિસ્તાન જેને 'આઝાદ કાશ્મીર' ગણાવે છે તે વિસ્તાર કબજે કરી લીધો હતો. યુનાઈટેડ નેશન્સના સમાધાન મુજબ જે વિસ્તાર પાકિસ્તાન હસ્તક ચાલ્યો ગયો હતો તેને વખત પૂરતો ત્યાં જ રાખવાનું સૂચન ભારત સરકારે સ્વીકાર્યું હતું. જો કે મહારાજા હરિસિંહના કાશ્મીરના રજવાડાનો ભાગ હોઈ ભારત હરહંમેશ એને પોતાનો વિસ્તાર ગણાવતું રહ્યું છે પણ આટલાં વર્ષો સુધી એ સમસ્યા ઉકેલાઈ નથી. દ્વિપક્ષી મંત્રણાથી એ સમસ્યાનો ઉકેલ આણવાના કરાર ઈંદિરા ગાંધી અને પાક વડાપ્રધાન ઝુલ્ફીકાર ભુટ્ટો વચ્ચે થયા હતા, જેનું પાકિસ્તાને વારંવાર ઉલ્લંઘન કરી યુનાઈટેડ નેશન્સની સુરક્ષા પરિષદમાં હોબાળો મચાવ્યો છે. જમ્મુ-કાશ્મીર મુદ્દાને બાજુએ રાખીને બારતે પાકિસ્તાન સાથે સુમેળ સાધવાના તમામ અખતરા કરી જોયા છે પણ એમાં સફળતા સાંપડી નતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વધુ પડતા આશાવાદી હતા અને તત્કાલીન પાક વડાપ્રધાન નવાઝ શરીફ સાથે એમણે ખાસ્સો ઘરોબો પણ કેળવ્યો હતો. જો કે એમાં મોદીને સરિયાણ નિષ્ફળતા જ સાંપડી હતી. આઝાદ કાશ્મીરનું પ્રશાસન પાકિસ્તાનના વડાપ્રધાન હસ્તકના કાઉન્સિલ સંભાળે છે. દેખાવ ખાતર ત્યાં ચૂંટણી યોજવાના કારસા થતા રહે છે. પુલવામા જેવા હુમલાઓની પરંપરા સર્જવાની સતત તૈયારીઓ રહેતા પાકને કાશ્મીરનાં અલગતાવાદી સંગઠનો અને તાલિબાનો સહિત એનાં પાળેલાં પોષેલા આતંકવાદી જૂથોનું સક્રિય સમર્થન છે. છેલ્લે ઈમરાનખાને આઝાદ કાશ્મીરને ખોળે લેવા સુધીના ભાવનાત્મક વાતો કરી અને આજે નહીં તો ભવિષ્યમાં કયારેક કાશ્મીરની પ્રજાનો જનમતસંગ્રહ થશે ત્યારે એ કાં તો પાકિસ્તાનનો ભાગ બની રહેશે અથવા 'સ્વતંત્ર રાષ્ટ્ર' બની રહેશે એવી સુફિયાણી લાલચો આપી હતી. ચીન પાકિસ્તાનની આ કાશ્મીર નીતિનું ચુસ્ત સમર્થન કરતું રહ્યું છે. ભારતે ૩૭૦મી કલમનો છેદ ઉડાડી દઈ જમ્મુ અને કાશ્મીરને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ફેરવી દીધા ત્યારથી પાકિસ્તાન અને ચીન બેઉને માટે આ પગલું મોટી લપડાક બની રહેલ છે. પાકિસ્તાને ચીનને 'પીઓકે' માં તમામ પ્રકારની છૂટછાટો આપી વિકાસકાર્યોમાં ભારે રોકાણ કરાવેલ છે. ભારતે 'પીઓકે' ની ચૂંટણીને ત્યાંની પ્રજા સાથેની છેતરપીંડી ગણાવી છે. સ્થાનિક પ્રજા પણ પાક પ્રશાસન અને આર્મીના સકંજાથી તંગ આવી ગઈ છે, પરંતુ ભારત 'પીઓકે' પર હુમલો કરી એને પોતાની સાથે ભેળવી દેવાનું સાહસ કરી શક્યું નથી કારણ કે એથી ફક્ત કાશ્મીર સરહદે જ નહીં બલકે સમસ્ત ઉત્તર સરહદે છેક અરુણાચલથી લઈ લદ્દાખ અને પશ્ચિમ સરહદે ગુજરાત સુધી પાક-ચીનની સંયુક્ત લશ્કરી તાકાતનો સામનો કરવો પડે એમ છે. વળી આ બેઉ દુશ્મન રાષ્ટ્રો અણુ સત્તાઓ પણ છે!

# રંગભૂમિનો ધબકાર કયારે સંભળાશે?



કોરોનાની પહેલી લહેર આવી ત્યારથી આપણા નાટ્યગૃહો બંધ છે. એટલે કે માર્ચ, ૨૦૨૦થી ઓગસ્ટ, ૨૦૨૧ દોઢ વર્ષથી નાટ્યગૃહોમાં પડદો ઊંચકાયો નથી. હાલ, અનેક નવા માધ્યમો થકી નાટ્ય કલાકારો પોતાની વાત રજૂ કરે છે, પ્રેક્ષકો સાથે સંવાદ કરે છે પણ તખ્તાની ઉપર ભજવાતાં નાટકો હજી તો બંધ જ છે. પડદો ઊંચકાયો નથી. સિનેમાગૃહો શરૂ થઈ રહ્યાં છે, ગાંધીનગરના સેકટર-૨૧માં આવેલું સિનેમાગૃહ કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે શરૂ થયું છે પણ આપણું ટાઉનહોલ? અનેક શહેરમાં અનેક આવાં આવાં નાટ્યગૃહો બંદ છે, તખ્તો જીવંત કયારે થશે, એ નાટક સાથે સંકળાયેલા સહુ કોઈની ચિંતાનો વિષય છે.

નાટક અઘરી કળા છે, જીવંત કળા છે. નાટ્યકળાને જ આજીવિકાનું સાધન બનાવનાર કલાકારની આર્થિક સ્થિતિનો પણ વિચાર કરવો પડે. દોઢ વર્ષથી એક પણ નવું નાટક આવ્યું ન હોય કે નાટકનો કોઈ પ્રયોગ થયો ન હોય ત્યારે કલાકાર માટે ટકી રહેવું મુશ્કેલ બનતું હોય છે. જાણીતાં અભિનેતાઓ, અભિનેત્રીઓ કે જેઓ ધારાવાહિકોમાં પણ કામ કરતાં હોય છે, એ તો કદાચ કોઈકને કોઈક રીતે ટકી જાય પણ નેપથ્યમાં રહીને કામ કરતા અન્ય કલાકારોનું શું ? જેમનો ચહેરો પણ કોઈને ખબર નતી, તખ્તા પર થતાં અંધારા-અજવાળાં વચ્ચે કામ કરતાં આ કલાકારોની આર્થિક સ્થિતિનો વિચાર પણ કરવો પડે. આ સંદર્ભે કલાકારોનું એક મજબૂત સંગઠન હોય એ જરૂરી છે. આવી સ્થિતિમાં સંગઠન જ કલાકારની મદદે આવી શકે, આર્થિક રીતે મદદ કરી શકે.



મન-રંજન
દ્વનિલ પારેખ

મનોરંજન ઈન્ડસ્ટ્રીમાં આપણે માત્ર સિનેમા, ટીવી કે હવે વેબસિરિઝનો જ સમાવેશ કરીએ પૂરતું નથી. જીવંત કળા દ્વારા નાટક પણ એ જ દિશામાં સ્વસ્થ મનોરંજન આપે છે. છતાં સૌથી વધુ ઉપેક્ષા નાટકની થતી હોય છે. સિનેમાગૃહમાં ટિકિટ ખર્ચીને સિનેમા જોવા જતો પ્રેક્ષક નાટકની ટિકિટ ખરીદવામાં આનાકાની કરતો હોય છે. નાટકની સાથે ગ્લેમર જોડાયું ન હોય પણ એક સારા નાટક સાથે સ્વસ્થ મનોરંજન અચૂક જોડાયું હોય છે. આજે સ્વસ્થ મનોરંજનની પણ એટલી જ આવશ્યકતા રહી છે. નાટકમાં અભિનેતા તરીકે કોઈ જાણીતો ચહેરો હોય તો નાટકને આર્થિક રીતે જરા વધારે લાભ મળે પણ એ માટે ય નાટ્યગૃહો શરૂ તો થવા જોઈએને !

કોરોનાની સ્થિતિ હજી પણ અનિશ્ચિત છે. કયારે સ્વસ્થ વાતાવરણનું નિર્માણ થશે એ પણ કહી શકાય એમ નથી. ગુજરાતમાં શાળા-કૉલેજો અમુક મર્યાદામાં શરૂ થયાં છે. ત્યારે નાટ્યગૃહો પણ જીવંત થાય એ નાની જરૂરિયાત છે. પરંતુ કલાકારો આજની પરિસ્થિતિમાં નાટક કરવા માટે તૈયાર છે ખરાય ? નાટક... નાટક... તારો ધબકાર સાંભળવા કાન સરવા કરું છું પણ...

# આપણાં સ્નેહીજન માટે આપણે કેટલા ભરોસાપાત્ર?

**(ગતાંકથી ચાલુ)**

આપણે સહુ જાણીએ છીએ કે દુર્યોધનેપોતાના મિત્ર કર્ણ ઉપર પૂર્ણ ભરોસો મૂક્યો હતો. આપણે એવું પણ કહી શકીએ કે દુર્યોધનને જેટલો ભરોસો ભીષ્મ પિતામહ, ગુરુ દ્રોણ અને ગુરુપુત્ર અશ્વત્થામા ઉપર હતો તેના કરતાં પણ વધારે ભરોસો કર્ણ ઉપર હતો. મિત્રએ મૂકેલા ભરોસાને સાબિત કરવા કર્ણને અનેક અવરોધોનો સામનો કરવો પડ્યો હતો. તેને કેટલી લાલચો પણ આપવામાં આવી હતી, તેનું emotional blackmailing કરવા માટે પણ ઘણા પ્રયત્નો થયા હતા. આમ છતાં કર્ણ અડગ રહ્યા અને મૃત્યુ પર્યંત તેણે પોતાના ઉપર મુકેલા ભરોસાને સાર્થક કરવા માટે પ્રયત્નો કર્યા. કર્ણએ પેલું સંસ્કૃત વાક્ય સાર્થક કર્યું હતું કે "તન્મિતત્ર યત્ર વિશ્વાસઃ" અર્થાત, જેના ઉપર વિશ્વાસ મૂકી શકાય એ જ સાચો મિત્ર.

કોઈપણ સ્નેહીજન ઉપર ભરોસો મૂકવું એ આપણાં માટે તો ખૂબ જ સરળ વાત છે. માત્ર સ્નેહીજન ઉપર નહીં, કોઈપણ વ્યક્તિ ઉપર આપણે ગમે ત્યારે ભરોસો મૂકી શકીએ છીએ. તેનાથી ઊલટું, કોઈ અન્ય વ્યક્તિ કે સ્નેહીજન આપણાં ઉપર ભરોસો મૂકે ત્યારે એ ભરોસો સાબિત કરવો કે સ્નેહીજનનો ભરોસો જીતવો ખૂબ જ કઠિન હોય છે. કોઈ સ્નેહીજન આપણાં ઉપર ભરોસો મૂકે એવી સ્થિતિ પામવા માટે આપણે એ સ્નેહીજનના હ્રદયના કેટલા આવરણો પાર કરવા પડતા હોય છે! સ્નેહીજનના અંતરમન સુધી પહોંચવા માટે, તેનો પૂર્ણ ભરોસો જીતવા માટે ઘણીવાર આપણાં શ્વાસ હાંફી જતા હોય છે. આપણાં લોહીનું દબાણ વધી જતું હોય છે. કોઈપણ વ્યક્તિનો ભરોસો જીતવો મહાભારતના યુધ્ધ સમયના અભિમન્યુની જેમ ચક્રવ્યૂહના સાત કોઠાઓ પાર કરવા બરાબર છે, એ સાત કોઠાઓમાંથી એક કોઠામાં પણ આપણે જો ફસાઈ ગયા તો વાત ખતમ, ભગવાન જ બચાવી શકે આપણને. એકવાર એ સ્નેહીજનના અંતરના આવરણોને ભેદીને તેના અંતર સુધી પહોંચી ગયા, તેનો ભરોસો જીતી લીધો એટલે જંગ જીતી ગયા, એ સ્નેહીજન આપણાં જ, પોતીકા બની જતા હોય છે. કોઈપણ સ્નેહીજનનો ભરોસો જીતવા માટે આપણે પોતે ભરોસાપાત્ર બનવું પડે. ભરોસાપાત્ર વ્યક્તિમાં એક પ્રકારનું સામર્થ્ય હોય છે, તેનામાં ક્ષમતા હોય છે, તેણે એક પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરી હોય છે. વ્યક્તિ સામર્થ્ય પ્રાપ્ત કર્યા વિના ક્યારે ભરોસાપાત્ર બની શકે નહીં. અહી સામર્થ્યનો અર્થ એવો થાય છે કે વ્યક્તિ ઉપર જે કોઈ કાર્ય માટે સ્નેહીજન તેના ઉપર ભરોસો મૂકતા હોય એ કાર્ય પાર પાડવા માટેનું સામર્થ્ય હોવું જરૂરી છે. કોઈપણ સ્નેહીજને વ્યક્તિ ઉપર મૂકેલા ભરોસાની તેના સામર્થ્યના એરણ ઉપર તેની કસોટી થતી હોય છે. વ્યક્તિએ એ સામર્થ્ય પ્રાપ્ત કર્યું હોય તો જ એ કસોટીમાંથી પાર ઉતરી શકે અને પોતાના ઉપર મુકેલો ભરોસો ખરો સાબિત કરી શકે.



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

આજે આપણાં સૌના જીવનમાં આપણાં મનની વાત મૂકવાના ઠેકાણાની અછત વરતાઈ રહી છે. આપણે આપણાં કુટુંબ સિવાયની પણ કેટલીક વ્યક્તિઓ સાથે અંગત સંબંધો ધરાવતા હોઈએ છીએ. એમાનાં ઘણા સ્નેહીજનો આપણા ઉપર પૂર્ણ ભરોસો રાખીને ઘણીવાર પોતાની અંગત વાતો આપણને કહેતા હોય છે આપણી સાથેનાં એ અંગત સંબંધોના નાતે એ વ્યકિતઓ પોતાની નાણાકીય બાબતો, પોતાના સ્વાસ્થ્યને લગતી બાબતો, વ્યકિતગત કે અંગત જીવનને લગતી કેટલીક વાતો અને હકીકતો આપણને કહેતી હોય છે. તેઓ કોઈને ના કહી હોય એવી પોતાની અંગત વાતો આપણને એટલા માટે કહેતી હોય છે કે તેઓને આપણામાં દ્રઢ વિશ્વાસ હોય છે કે તેમની વાત આપણાં થકી ક્યાંય બહાર નહીં જાય. અંગત વાતો કહેવાનું બીજું કારણ એ હોય છે કે તેઓ પોતાની અંગત વાત કરીને પોતાના હ્રદયનો ભાર હળવો કરતી હોય છે. પોતની અંગત વાત કહીને મદદ માંગવાનો તેમનો ઈરાદો ભાગ્યે જ હોય છે. આમ, આપણાં ઉપર પૂરો ભરોસો રાખીને આપણાં અંગત સંબંધીઓ કે મિત્રોએ પોતાની જે કઈ વાત આપણને કરી હોય તેને તેમનાં જીવન દરમ્યાન કે તેમના મૃત્યુ પછી કોઈપણ પ્રકારના કારણ વિના જાહેર કરી દઈએ તો તેનાથી મોટો વિશ્વાસભંગ કયો હોય શકે? અહી વાતસામર્થ્યની નથી પણ પ્રમાણિક્તાની છે, દાનતની છે, આપણાં ચારિત્ર્યની છે. આમ સ્નેહીજનના ભરોસાપાત્ર વ્યક્તિ બનવા માટે આપણાં સામર્થ્યની સાથેસાથે આપણી પ્રમાણિક્તાની, આપણી દાનતની અને આપણાં ચારિત્ર્યની પણ કસોટી થઈ હોય છે. આપણાં ઉપર કોઈએ મૂકેલા ભરોસાને આપણે કદાચ જાણ્યે-અજાણ્યે પણ તોડીએ તો તેનાથી કદાચ આપણને કોઈ જ પ્રકારનું સામાજિક કે આર્થિક નુકશાન થતું હોતું નથી. જે સ્નેહીજનનો આપણે ભરોસો તોડીએ એ સ્નેહીજનને ઘણું નુકશાન વેઠવું પડતું હોય છે, એ નુકશાન ક્યા પ્રકારનું અને કેટલું હોય છે તેનો કદાચ આપણે અંદાજ પણ લગાવી શકત નથી. હા આપણને એ સ્નેહીજન સાથેય સંબંધુનું નુકશાન તો વેઠવું જ પડતું હોય છે એમાં બેમત નથી. કોઈપણ પ્રકારના સંબંધોમાં ભરોસો બેઠા પછી એ ભરોસો અતૂટ રહે એ ખૂબ મહત્વનું છે. એકવાર ભરોસો તૂટે એટલે ખલ્લાસ! કોઈ સ્નેહીજનનો આપણી ઉપરનો ભરોસો તૂટ્યા પછી એ સ્નેહીજન સાથેના આપણાં સંબંધો કદાચ રહે, ફરજિયાત નિભાવવા પડે, એ સંબંધોનું ગાડું ગમેતેમ ચાલ્યા કરે પણ એ સંબંધોનો આનંદ જતો રહેતો હોય છે, ભરોસા વગરના સંબંધો નિષ્પ્રાણ થઈ જતા હોય છે. સંબંધો એકવાર નિષ્પ્રાણ થઈ ગયા પછી એ સંબંધો હોય તો પણ શું અને ન હોય તો પણ શું! ચાલો, આપણે સહુ એક ભરોસાપાત્ર સ્નેહીજન બનીએ અને આપણાં સંબંધોને ચેતનવંતા રાખીએ.

# લખવું એટલે વલખવું કે વગેરે વગેરે લખવું?

ક્રૌંચ યુગલનો શિકાર થતો જોઈ કવિઋષિહ્રદયમાંથી "મા વિષાદેન" જેવા શબ્દો અનાયાસ સરી પડ્યા. એ શબ્દો કાગળ પર ઉતર્યા અને રામાયણ નામનું મહાકાવ્ય સર્જાયું. ત્યારથી, કદાચ તે પહેલાંથી લેખન, કવન અને સર્જનના મૂળ શોધવાના પ્રયત્નો ચાલતા હશે. ઋજુ હ્રદયવાળો માણસ કોઈની પીડા નિહાળી શકતો નથી.એના અંતરમાં બની રહેલા બનાવોથી ઘમાસાણ મચી જાય છે. વિષાદ, પરેશાની એ હદે વિસ્તરે છે કે તેનાથી લખ્યા વગર રહેવાતું નથી. એના મગજમાં અફડાતફડી મચાવી રહેલા શબ્દો કોઈ સ્વરુપે કાગળ ઉપર અવતરે છે ત્યારે જ એ વ્યક્તિને હાશ થાય છે. સર્જકના હ્રદયમાં ઘૂમરાઈ રહેલા શબ્દો કાં તો કોઈ કાવ્યમાં રુપાંતર પામે છે, અથવા વાર્તા, નવલકથા કે નિબંધના સ્વરુપે જન્મ પામે છે. વરસો પહેલાં કવિશ્રી ઉમાશંકરભાઈ જોશીએ સંસ્કૃતિના અંકમાં તે સમયના લેખકો-કવિઓને તેઓ કેવી રીતે લખે છે તેની આંતરકથા વર્ણવવા અનુરોધ કર્યો હતો. તેના પ્રત્યુત્તરમાં મળેલા લેખોને "સર્જકની આંતરકથા" સ્વરુપે પ્રગટ કર્યા હતા. પાછળથી ૧૯૮૪ માં આ જ નામનું પુસ્તક પણ પ્રગટ થયું છે. આ પુસ્તકમાં ૪૬ લેખકો, કવિઓએ પોતપોતાના પ્રતિભાવ આપેલા છે. શ્રી ઉમાશકરભાઈનું સાહિત્ય જગતને આ પુસ્તક એક અમૂલ્ય પ્રદાન છે.

એ પછી શબ્દસૃષ્ટિના સંપાદક તરીકે શ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ : " કવિતા અને હું," "નવલિકા અને હું" "નવલકથા અને હું, " "નાટક અને હું" અને "નિબંધ અને હું" એવાં વિષયવાર વિશિષ્ટ સંપાદનો કર્યા છે. જેનાં પણ પુસ્તકો પ્રકાશિત થયાં છે. અભ્યાસીએ તે વાંચવા જોઈએ. આ બધા પુસ્તકોમાં સમાવિષ્ટ સર્જકોએ પોતાની લેખન પ્રક્રિયા વિશે વિસ્તારીને વાતો કરી છે. આ સિવાય પણ લગભગ તમામ લેખકોએ પોતે કેવી રીતે લખતાં થયા અને હાલ શું લખે છે એવી વિગતવાર વાતો ગમે ને ગમે ત્યાં કરી જ હોય છે. હવે ઘણા સેમિનારોમાં સર્જકોને તેમના લખાણો બાબતે કેફિયત આપવા અનુરોધ કરવામાં આવે છે.જવાબમાં સર્જકો પોતાની સર્જનપ્રક્રિયાની વિગતવાર વાત કરતા હોય છે. કેટલાક પોતાની કઈ કૃતિ કેવી પ્રેરણાથી લખાઈ તેનાં રહસ્ય ખોલતાં હોય છે. શ્રોતાઓ તે સાંભળીને આશ્ચર્યચકિત થઈ જાય છે.ત્યારે " લખવું એટલે " શિર્ષક હેઠળ મારે શું લખવું એ ભારે મથામણની વાત બની જાય છે.

ઘણા લોકો કહે છે તેમ કોઈ અદ્રશ્ય પ્રેરણા જ માણસને લખવા માટે મજબૂર બનાવે છે. એ વાત સાવ અસત્ય પણ નથી. તેમના લખાણો જથ્થાબંધ પુસ્તકોમાં પરિવર્તિત થતા નથી. અમુક જણાને લખવાની ટેવ પડી ગઈ હોય છે. રોજ બેત્રણ કલાક લખે નહીં ત્યાં સુધી એમને ચેન પડે નહીં. વાર્તાઓ કે કવિતાઓ કંઈ રોજેરોજ આકાશમાંથી અવતરી શકતી નથી. એટલે એવા લેખકો મોટે ભાગે જીવનસુધારણાના નિબંધો જ લખતા હોય છે. સામાજિક વ્યવસ્થા અને ધાર્મિક વાતો એમના લખાણોમાં સતત આવ્યા કરે છે. માહિતી લેખો લખતા લેખકો માટે અનેક પુસ્તકોના ખડકલામાંથી જરુરી વિગતો તારવીને ગાગરમાં સાગર ભરવાનું કામ કરતા રહે છે. ગુગલદાદાના જમાનામાં તો તેમને જોઈતી વિગતો સરળતાથી મળી રહે છે. તેઓ ઝડપથી આવા લેખો લખી શકે છે. અત્યારે એક સાથે બેત્રણ વર્તમાનપત્રોમાં નિશદિન કોલમો લખતા લેખકો માટે લખવું એ સમયની માંગ બની જાય છે. તેઓ ક્યાંક પ્રસંગકથાઓ લખે છે, ક્યાંક જીવનસુધારણાના લેખો લખે છે, ક્યાંક ધાર્મિક વાર્તાઓ ઠપકારે છે. આમ દરેકને જોઈતી વાનગી પીરસી શકે છે. તેમની પાસેથી ઉત્તમ કવિતા કે વાર્તા કે નવલકથાની અપેક્ષા રાખી શકાય નહીં. ચાલીસ-પચાસ પુસ્તકો પ્રગટ કરનારા લેખકો પાસેથી કોઈ એક ઉત્તમ પુસ્તક મેળવવું મુશ્કેલ બની જાય છે.



મનના ઉમંગો
રણછોડ પરમાર

સામે કોરો કાગળ હોય, હાથમાં કલમ હોય, ખુશનુમા સવાર હોય, મનમાં ગઈકાલે વાંચેલા કાવ્યસંગ્રહના કેટ્લાક ખંડ આમતેમ ધમાચકડી મચાવતા હોય, આજ તો કશુંક લખવું જ છે એવો દ્રઢ નિર્ધાર હોય, પહેલાં મનમાં કોઈ પંક્તિ બંધાય, ઘડાય, તૂટે, ફરી ફરી રચાય, આખરે થોડાક શબ્દો મનને ગમે એવી રીતે ગોઠવાતા નજરે પડે અને પેન કાગળ પર સરકવા માંડે પછી કોઈ કૃતિ રચાય. આ બધી પ્રક્રિયાને લેખન કહેવાતું હશે ને ? પણ આપણા સુપ્રસિધ્ધ કવિશ્રી મનોજ ખંડેરિયાને આ બધી પ્રક્રિયા દેખાય છે એટલી સરળ લાગતી નથી. એ તો એમ કહે છે કે-

પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને
આ હાથ આખેઆખો બળે એમ પણ બને.

આ જ કવિ શબ્દોને અણમોલ ભેટ ગણે છે. શબ્દો થકી અનેક મનોરથ સિધ્ધ થઈ શકે છે. શબ્દો આગ લગાવી શકે છે તો બાગ ખીલાવી પણ પણ જાણે છે. જે શબ્દોના કારણે વિયોગ સર્જાયો હોય એ જ શબ્દો મિલનની ક્ષણ પણ સર્જી શકે છે. તેથી મનોજભાઈ કહે છે.

મને સદભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જવા
ચરણ લઈ દોડવા બેસું તો વરસોના વરસ લાગે.

કવિ-નિબંધકાર શ્રી સુરેશ દલાલે કવિતા લખવા ઉત્સુક નવોદિતો માટે વરસો પહેલાં(૨૦૦૫) દિવ્ય ભાસ્કરમાં એક સરસ લેખ લખ્યો હતો. તેમાં લેખના અંતે ટાંક્યું હતું. તે આપણા જેવા નવાસવા લેખક-કવિઓ માટે ઘણું માર્ગદર્શક બને તેવું છે. તે વાંચો.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# માં તો આ દુનિયા પરની સાક્ષાત પરમાત્મા સ્વરુપ છે

સાંજનો સાત વાગ્યાનો સમય હતો. એક છોકરો બુટ-ચંપલની દુકાનમાં પ્રવેશ્યો. તે ગામડીયા જેવો લાગતો હતો. પણ ખુબ ચાલાક અને હોંશિયાર હોય તેવું તેની બોલચાલ પરથી લાગતું હતું. તેણે ચોકડીવાળું શર્ટ અને જીન્સ પેન્ટ પહેર્યું હતું. ઉંમર લગભગ ૨૪ વર્ષ જેટલી હતી.

દુકાનદારની પહેલી નજર તેના પગ પર ગઈ. તેણે ચામડાના બુટ પહેર્યા હતા. પોલિશ કરેલ હોઈ તે ચમકતાં હતા.

દુકાનદારે કહ્યું, 'બોલો, શું સેવા કરું ?' છોકરો બોલ્યો 'મારી માં માટે ચંપલ જોઈએ છીએ. ટકાઉ અને મજબુત હોવા જોઈએ.'

દુકાનદારે કહ્યું, 'તે આવ્યાં છે? તેમના પગનું માપ' છોકરાએ પેન્ટના પાછળના ગજવામાંથી પાકિટ કાઢ્યું. ચાર વખત ફોલ્ડ કરેલો એક કાગળ કાઢ્યો. જેમાં પેનથી પગની આજુબાજુની આકંટ લાઈન બનાવેલી હતી. તે બંને પગની હતી. છોકરાએ વાત કરતા કહ્યું, 'શેઠ, શું વાત કરું, પગનું માપ મારે કઈ રીતે લાવવું મારી માંની જિંદગી જતી રહી તેણે પગમાં કદી ચંપલ પહેર્યા જ નથી. મારી માં એ મજુરી કરીને અને લોકોના ઘરકામ કરીને ખુબ મહેનત કરી મને ભણાવ્યો. ભણ્યા પછી હવે નોકરી મળી છે. આજ પહેલો પગાર મળ્યો છે. ઘેર માં ને મળવા જાઉં છું તો વિચારતો હતો કે પહેલા પગારમાંથી માં માટે ચંપલ લઈ જાઉં.'



નવાં કલેવર
નટવર હેડાઉ

દુકાનદારે સારા ચંપલ બનાવ્યા. જેની કિંમત સાતસો રુપિયા હતી. 'ચાલશે' આગંતુક છોકરો આ કિંમતે ચંપલ લેવા તૈયાર હતો. દુકાનદારે સહજ પુછી લીધું. 'તારો પગાર કેટલો છે?'

'હમણાં તો પંદર હજાર છે. રહેવા અને ખાવા પીવામાં સાત આઠ હજાર જેટલો ખર્ચો થઈ જાય છે. શહેરમાં ખર્ચા ઘણા હોય છે. છતાં પાંચ છ હજાર માં ને આપીશ.'

'તો પછી આ સાતસો રુપિયાના ચંપલ તને મોંઘા નહીં પડે?'

તેની વાત કાપતાં છોકરો બોલ્યો. 'ના... ના... બિલકુલ મોંઘા નહીં પડે. દુકાનદારે ચંપલ બોક્સમાં પેક કરી દીધા. છોકરાએ પૈસા આપ્યા અને ખુશ થતાં દુકાનની બહાર નીકળી રહ્યો હતો. તે વખતે દુકાનદારે તેને કહ્યું, 'જરા ઉભો રે, કહી દુકાનદારે એક બીજું બોક્સ તેના હાથમાં પકડાવી દીધું.' 'આ ચંપલ માં ને તેના ભાઈ તરફથી ગીફટ, માં ને કહેજે પહેલાવાળાં ખરાબ થઈ જાય તો આ બીજી જોડ પહેરે. ખુલ્લા પગે ફરવા ન જોઈએ. આને લેવાની ના ન પાડતો.' છોકરો બીજું બોક્સ હાથમાં લેતાં દુકાનદારે સામે જોઈ રહ્યો હતો ત્યાં તેણે બીજી માંગણી કરી. 'માં ને મારા પ્રણામ કહેજો અને હા... એક વસ્તું તું મને આપીશ?'

'બોલો.'

'પેલો કાગળ, જેના પર તેં પગની આઉટ લાઈન ચીતરી છે. તે કાગળ મારે જોઈએ છીએ.'

કાગળ દુકાનદારના હાથમાં આપી છોકરો ખુશ થતો બહાર નીકળી ગયો.

પેલો ફોલ્ડવાળો કાગળ લઈ દુકાનદારે પોતાની દુકાનમાં બનાવેલ પૂજાના મંદિરમાં તેને રાખ્યો. દુકાનદારનાં બાળકો જોઈ ગયાં. તેમણે પૂછયું, 'આ શું પપ્પા?'

દુકાનદારે લાંબો શ્વાસ લીધો અને પછી પોતાના બાળકોને સમજાવતાં બોલ્યો. 'બેટાં, આ લક્ષ્મીજીનાં પગલાં છે. એક સાચા ભક્તે તેને બનાવ્યાં છે. આનાથી ધંધામાં બરકત આવે છે. માં તો આ દુનિયા પરની સાક્ષાત પરમાત્મા સ્વરુપ છે. બસ આપણી જોવાની દ્દષ્ટિ અને મનના વિચારો શ્રદ્ધાપૂર્ણ હોવા જોઈએ.'